વાકયપૃથક્કૃતિ

અને

નિબંધ રચના.

વાક્યપૃથક્કૃતિ અને નિબંધ રચના

રચનાર

રમણભાઇ મહિપતરામ નીલકંઠ
બી. એ. એલ. એલ. બી.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ આર્યોદય પ્રેસમાં છાપી.

સને ૧૯૦૨.

કિંમત રૂ. ૦-૨-૦.

પ્રસ્તાવના.

હાલ ચાલતાં નવાં ધોરણોમાં વાક્યપૃથક્કરણનો વિષય છેક ત્રીજા ધોરણથી દાખલ કરવામાં આવ્યોછે તે છેક ઉપલા ધોરણ લગી જારી રાખેલોછે.

આ વિષય શીખતાં નાનાં બાળકોને અનુકૂળતા પડે, તેમને પોતાની જાણીતી વાત પરથી પગલે પગલે આગળ શીખવાની હોંશ વધે, અને આ ઉપયોગી વિષય તેમને બોજા રૂપ ન થઈ પડે એવી રીતની રચના આ પુસ્તકમાં કરવામાં આવેલીછે.

આ વિષય ઉપર જેટલું લખવા બેશીએ તેટલું ઓછું છે, પણ નાનાં બાળકોને તે બોજા રૂપ થાય નહિ તે પર ખાસ ધ્યાન આપી તેમને જેટલું ઉપયોગી થાય તેટલું જ માત્ર આ પુસ્તકમાં લીધુંછે.

આ પુસ્તકથી શિક્ષકોને પોતાને આ વિષય શીખવતાં લાભ થશે તો હું મારો યત્ન સફળ થયો માનીશ.

આ પુસ્તકમાં કાંઈ દોષ જણાય તે કર્ત્તાને લખી મોકલવામાં આવેથી તે પર ખાસ ધ્યાન બીજી આવૃત્તિમાં આપવામાં આવશે.

અમદાવાદ.
તા.—૬-૧૯૦૩. } કર્ત્તા.

શિક્ષકોને સૂચના.

આ વિષય છોકરાંને કદી પણ મોંએ નાહ્‍ કરાવતાં તેઓ જે જાણેછે અને બોલેછે તેવાં જ ટૂંકાં ટૂંકાં વાકયથી શરૂઆત કરવી.

છોકરાંને ઘણાં ઉદાહરણ આપી તે ઉપરથી નિયમો તેમની પાસે જ ખોળાવવા. પુસ્તકમાં જેટલાં ઉદાહરણ આપ્યાંછે તે પૂરતાં નથી. ઘણાં ઉદાહરણ આપવામાં આવે તો પુસ્તકનું કદ વધી જાય ને છોકરાંને બોજા રૂપ થઇ પડે માટે શિક્ષકોએ વાચનની ચોપડીમાંનાં એવાં બીજાં ઉદાહરણ લેવાં.

આ વિષય શીખવતાં જરા પણ ઉતાવળ કરવી નહિં. એક નિયમનું બાળકોને પૂરેપૂરૂં ભાન થાય અને આપણે માગીએ તેટલાં અને તેવાં ઉદાહરણ તેઓ સહેલથી વગર વિલંબે આપી શકે ત્યારે જ નવો વિષય શીખવવો.

આ વિષય હમેશાં કાળા પાટિયા પર જ શીખવવો, જેથી બધાં બાળકોને સાથે જ વિષયનું ભાન થાય. એકવાર શીખવ્યા પછી તેમને પોતાની સ્લેટ પર મનોયત્ન આપવાં અને મનોયત્ન પરથી નિયમ ખોળાવવા.

આ રીતે શિક્ષકો આ વિષય શીખવશે તો તેમની પાસે શીખતાં બાળકો થોડા દિવસમાં આ વિષયનાં જાણીતાં થઈ શકશે.

અનુક્રમણિકા.

વાક્યપૃથક્કૃતિ.

પ્રકરણ ૧ લું.

પાઠ ૧. વાક્ય અને શબ્દ.

૧. છોકરાઓ, આપણે ગધેડા વિષે કાંઈક વાત કરીએ.—તે શું શું કરેછે અને તેને શું શું છે એ વિષે અનુક્રમે કહેતા જાઓ.

૧ લો. ગધેડાં બહુ વૈતરૂં કરેછે.
૨ જો. ગધેડાં રેતી, માટી, કાંકરા લાવેછે.
૩ જો. ગધેડાંને ચાર પગ હોયછે.
૪ થો. ગધેડાંને લાંબા કાન હોયછે.
૫ મો. ગધેડાંને પગે ડાબડા હોયછે.

ઉપર તમે ગધેડાં વિષે જે વિચારો કહ્યા તે દરેકને વાક્ય કહેછે. તમે ગધેડાં વિષે ઉપર કેટલા વિચાર જણાવ્યા? પાંચ. એ પાંચે વિચારો દરેક જૂદું જૂદું વાક્ય છે. વાક્ય કોને કહેવાય તે હવે તમે ઝટ સમજી શકશો. બોલો વાક્ય? કોઈ પણ જાતનો ધારેલો વિચાર જણાવનાર શબ્દના જથાને વાક્ય કહેછે.

૨. પહેલા વાક્યમાં કેટલા શબ્દ છે? ચાર. કયા કયા? ગધેડાં, બહુ, વૈતરૂં, કરેછે. બીજા વા-

કયમાં કેટલા શબ્દ છે? પાંચ. કયા કયા? ગધેડાં, રેતી, માટી, કાંકરા, લાવેછે. એક અથવા વધારે અક્ષર મળીને જેનો અર્થ સમજાય તેને શબ્દ કહેછે.

મનોયત્ન ૧.

૧. વાકય કોને કહેવાય ?
૨. શબ્દ કોને કહેવાય ?
૩. ત્રીજા વાકયમાં કેટલા શબ્દ છે.
૪. થોડાંક વાકય મોંએ બોલો.
૫. થોડાંક વાકય ચોપડીમાંથી વાંચો.

પાઠ ૨. કર્ત્તા અને વિધાનપક્ષ.

૩. પ્રત્યેક વાકયમાં ઓછામાં ઓછાં બે વાનાં હોવાં જોઈએ. (૧) જેને વિષે આપણે એવી વાત કરતા હોઈએ કે તે કાંઈ કામ કરેછે તે કર્ત્તા કહેવાયછે. (૨) કર્ત્તા વિષે જે કહેવામાં આવેછે તે વિધાનપક્ષ કે ક્રિયાપક્ષ કહેવાયછે. ગધેડાં ધીમાં ચાલેછે. આ વાકયમાં ગધેડાં વિષે વાત કરીએ છીએ કે તે અમુક રીતે ચાલેછે. માટે ગધેડાં કર્ત્તા છે, અને ધીમાં ચાલેછે એ વિધાનપક્ષ છે.

૩. કર્ત્તા જે કામ કે ક્રિયા કરે તે બતાવનાર શબ્દ ક્રિયાપદ કહેવાયછે. માણસ ચાલેછે, સુતાર લાકડું ઘડેછે. એમાં ચાલેછે અને ઘડેછે એ ક્રિયાપદ છે.

મનોયત્ન ૨.

૧ કર્ત્તા એટલે શું?
૨ વિધાનપક્ષ એટલે શું?
૩ ક્રિયાપદ એટલે શું?
૪ નીચેનાં વાકયોમાં કર્ત્તા અને વિધાન પક્ષ બતાવો.

૧ હું આ છું.
૨ છોકરો દોડયો.
૩ હરિલાલ જાયછે.

પાઠ ૩. કર્મ અને અધ્યાહાર.

૪. કર્ત્તા જે ઉપજાવે અથવા જે વિષે ક્રિયા કરે તે તેનું કર્મ કહેવાયછે. મેં ચોપડી વાંચી, હું ચણા ખાઉંછું, તે કાગળ લખશે, કેશવલાલ રૂપિઆ માગશે, એ વાકયોમાં ચોપડી, ચણા, કાગળ, રૂપિઆ એ કર્મ છે.

૫. ક્રિયાપદ સાથે જ્યારે કર્મ આવેછે ત્યારે જ ક્રિયાનો અર્થ પૂરો થાયછે. ક્રિયાપદ સકર્મક હોય તો કર્ત્તા, કર્મ અને ક્રિયાપદ, અને અકર્મક હોય તો કર્ત્તા અને ક્રિયાપદ વિના વાકય બનેજ નહિ.

૬. કેટલીકવાર વાકયમાં એ પ્રત્યક્ષ ન હોતાં અધ્યાહાર હોયછે. મોઢાની વાતચિતમાં ઘણીવાર એમ બોલાયછે. ઉદાહરણ—૧ પૈસો આપ્યો ત્યારે રોતો રહ્યો, ૨ હવે તમે વાંચો, (રજીસ્ટર કે ક્યાદક્ષોગ પૂરતી વેળા) ૩ અમૃતલાલ ગિરધર, (જવાબઃ હાજર સાહેબ) ૪ મોટા તે મોટા, ૫

વાંચો. ૧ લા વાકયમાં કર્ત્તા અધ્યાહાર છે, ૨ જામાં કર્મ અધ્યાહાર છે, ૩ જામાં ક્રિયાપદ અધ્યાહાર છે, ૪ થામાં કર્ત્તાને ઠામે તેનું વિશેષણજ હાજર છે, ૫ મામાં કર્ત્તા અને કર્મ બેઉ અધ્યાહાર છે.

મનોયત્ન ૩.

૧ કર્મ એટલે શું ?

૨ અધ્યાહાર એટલે શું?

૩ હરિલાલ વાંચે છે એમાં શું અધ્યાહારછે.

૪ કર્મ અધ્યાહાર હોય એવું એક વાકય બોલો.

૫ ક્રિયાપદ અધ્યાહાર હોય એવું એક વાકય બોલો.

૬ "જા" એમાં શું અધ્યાહાર છે.

૭ નીચેનાંવાકયોમાં કર્ત્તા, કર્મ અને ક્રિયાપદ જૂદાં બતાવો.

૧ ગાય આવી.
૨ ઘોડો દોડેછે.
૩ ગધેડાંને ચાર પગ હોયછે.
૪ મેં લાડુ ખાધો.
૫ હું સરખેજ ગયો.

પાઠ ૪. વાકયમાં શબ્દોનો અનુક્રમ.

૭. ઉપરના ત્રણ પાઠમાં વાકયનાં જે ઉદાહરણ આપેલાં છે તે ઉપરથી તમારા જાણવામાં આ-

બ્યું હશે કે વાકયમાં શબ્દોનો અનુક્રમ કેવીરીતે હોયછે. વાકયમાં પહેલો કર્તા, પછી કર્મ અને છેલ્લે ક્રિયાપદ હોયછે. એ અનુક્રમમાં શબ્દની રચના નથી હોતી ત્યારે વાકય દોષિત ગણાયછે અને અર્થ બરોબર સમજાતો નથી. ઉદાહરણ-કાગડો ઉડેછે એમ બોલાય તો અર્થ સમજાયછે, પણ ઉડેછે કાગડો એમ બોલાતું નથી માટે એ ખોટું વાકય છે. "મેં લાડુ ખાધો" એ ખરૂં વાકય છે પણ "લાડુ ખાધો મેં" એ ખોટું વાકય છે.

મનોયત્ન ૪.

નીચે થોડાક કર્ત્તા, કર્મ અને ક્રિયાપદના શબ્દ આપેલાછે તે ઉપરથી થોડાંક વાકય બનાવો.

કર્ત્તા અને કર્મ.		ક્રિયાપદ.	
ચકલી.	દરજી.	સીવેછે.	ભાગી.
સ્લેટ.	ટોપી.	ઊડેછે.	વધેછે.
ઝાડ.	મેં	લાવ્યો.	

નીચેનાં ક્રિયાપદના કર્ત્તા ગોઠવો.

કર્ત્તા.	ક્રિયાપદ.	કર્ત્તા.	ક્રિયાપદ.
( )	આવુંછું.	( )	દોડેછે.
( )	ખાઈશું.	( )	હતી.
( )	આવજો.	( )	ગઈ.

નીચે કર્ત્તા આપેલાછે તેનાં ક્રિયાપદ ગોઠવો.

કર્ત્તા.	ક્રિયાપદ.	કર્ત્તા.	ક્રિયાપદ.
સરસ્વતી.	( )	બકરાં	( )

પક્ષી.	( )	હું.	( )
આપણે.	( )	તું.	( )

પાઠ ૫. વાક્યના ભાગ.

૮. વાક્યમાં મુખ્ય બે ભાગ કે પક્ષ હોયછે. જેના વિષે કહેવાનું હોયછે તે કર્ત્તા કે વિશેષ્યપક્ષ કહેવાયછે, અને તેના વિષે જે કહેવાનું હોય તે વિશેષક કે ક્રિયાપક્ષ કે વિધાનપક્ષ કહેવાયછે. ઉદાહરણ—

કર્ત્તા.	વિશેષક.	કર્ત્તા.	વિશેષક.
ચમન	વાંચેછે.	ગુલાબભાઇ	ગયા.
નટવર	દોડેછે.	હિરાલાલ	આવ્યા.

૯. આ સિવાય વાક્યમાં એક ત્રીજું અંગ હોય છે તેને સંબંધક કહેછે, તે કર્ત્તા અને વિશેષકને જોડેછે. પરંતુ આ સંબંધક ઘણું કરીને ક્રિયાપદમાં ભળેલો હોયછે માટે એ પક્ષ જૂદો ન પાડતાં તેને વિશેષકપક્ષમાં ગણીએ તોપણ ચાલે.

કર્ત્તા.	વિશેષક.
ઠાકોર	ચોપડી વાંચેછે.
ગુલાબભાઇએ	પરીક્ષા કરી.
ચતુરલાલે	રજા લીધી.

મનોયત્ન ૫.

૧ વિશેષ્યપક્ષ કોને કહેછે?
૨ વિશેષકપક્ષ કોને કહેછે?
૩ કર્મ કયા પક્ષમાં ગણાય?

૪ નીચેનાં વાકયોના પક્ષ પાડી બતાવો.

કીડીઓ દર ખોદેછે.

કુકડી ઇંડાં સેવેછે.

મેં ઘડીઆળ સમરાવી.

કારેલાં મોઘાં મળેછે.

૫ નીચેનાં વાકયોમાં કર્મ ગોઠવો.

	કર્ત્તા	કર્મ.	ક્રિયાપદ.
૧	મેં	( )	ખાધો.
૨	તું	( )	રંગાવ.
૩	સૂથારે	( )	બાંધ્યું.
૪	સોનીએ	( )	બનાવી.
૫	ધોબી	( )	ધૂએછે.

પાઠ ૬. વાકયનું પૃથક્કરણ.

૧૦. વાકયના જૂદા જૂદા ભાગ કરી તે ભાગોનો એક બીજા સાથે સંબંધ જણાવવો તેને વાકયનું પૃથક્કરણ કર્યું કહેવાયછે. ઉદાહરણ—હરિલાલ આવેછે, સૂથાર ઘર બાંધેછે, એમાં હરિલાલ કર્ત્તા અને આવેછે વિશેષકપક્ષ છે, તેમજ બીજા વાકયમાં સૂથાર કર્ત્તા અને ઘર બાંધેછે એ વિશેષકપક્ષ છે. એવી રીતે વાકયને તોડી તેના જૂદા પક્ષ પાડી બતાવવા તેને વાકયનું પૃથક્કરણ કર્યું કહેવાયછે.

મનોયત્ન ૬.

૧ વાકયપૃથક્કરણ એટલે શું ?

૨ નીચેનાં વાકયોનું પૃથક્કરણ કરો?

૧ કુંભાર હાંલ્લાં ઘડેછે.
૨ ઘોડો કાળો છે.
૩ ગાય દૂધ આપેછે.
૪ છોકરે ચણા ખાધા.
૫ (તું) આવ.
૬ (   ) આવ્યા.
૭ ઢોલ વાગેછે.
૮ ઘડીઆળ બંધ પડી.
૯ ગધેડાં ધીમાં ચાલેછે.
૧૦ ગધેડાં રેતી, માટી, કાંકરા લાવેછે.

પાઠ ૭. વાકયનું પૃથકકરણ.

૧૧. વાકયના મુખ્ય બે પક્ષ ગણાયછે એ વાત પાછલા પાઠમાં આવી ગઇ, પણ હજુ એ વિષે કંઇક કહેવાનું બાકી છે તે આ પાઠમાં કહીએ. કર્ત્તા અને તેનાં વિશેષણો કર્તૃપક્ષમાં આવે અને ક્રિયાપદ અને તેનાં વિશેષણ (ક્રિયાવિશેષણ) વિશેષકપક્ષમાં આવે. ઉદાહરણ—

કર્તૃપક્ષ.	વિશેષકપક્ષ.
મહેતાજી સાહેબ	આવ્યા.
રામજી પટેલ	જાયછે.
મજબૂત માણસ	થાકે નહિ.
ઝાંખો દીવો	હોલાઇ જશે.
સાઇચુસ કાગળ	જાડા હોયછે.

૧૨. સકર્મક ક્રિયાપદવાળાં વાકયોમાં વિશેષક-પક્ષના બે વિભાગ પાડી શકાય. ૧ કર્મ અને તેના સંબંધના શબ્દો અને ૨ ક્રિયાપદ અને તેના સંબંધના શબ્દો. ઉદાહરણ—

કર્તૃપક્ષ.	વિશેષકપક્ષ.	
	કર્મ.	ક્રિયાપદ.
છોકરો	ચોપડી	વાંચેછે.
ડાહ્યો છોકરો	બીજી ચોપડી	ઝટ વાંચેછે.
મેં	પીતાંબર	પહેર્યુંછે.
મેં	લાલ પીતાંબર	આજ પહેર્યુંછે.

ઉપર બતાવવામાં આવ્યું તે મુજબ વાકયમાંના શબ્દોને પોતપોતાના પક્ષમાં અને વિભાગમાં ગોઠવવા તેને વાકયપૃથકકૃતિ કહેછે.

નીચે થોડાંક વાકયોનું પૃથક્કરણ કરી બતાવ્યું છે તે પ્રમાણે કોઠો પાડી વાકયપૃથકકૃતિ કરાવવી.

પાઠ ૮. વાકયપૃથકકૃતિનો નમુનો.

૧ હરિલાલ રોજમેળનો મોટો ચોપડો લખતો હતો.

૨ મૂળજી મહેતાજી નિશાળીઆને ઠીક ભણાવેછે.

૩ ખાંડવાળા ચકુભાઇનો માલ સારો ગણાયછે.

૪ માણસ વિદ્યા ભણેછે.

૫ સુપાત્ર માણસ સદ્વિદ્યા સારી રીતે ભણેછે.

કર્તૃપક્ષ.		વિશેષક પક્ષ (વિધાનપક્ષ).			
કર્ત્તા.	કર્ત્તાનો વધારો.	કર્મ.	કર્મનો વધારો.	ક્રિયાપદ.	ક્રિયાપદનો વધારો.
હરિલાલ.		ચોપડો.	રોજમેળનો મોટો.	લખતો હતો.	—
મહેતાજી.	મૂળજી.	નિશાળીઆને.	—	ભણાવેછે.	ઠીક.
માલ.	ખાંડવાળા ચકુભાઇનો	—	—	ગણાયછે.	સારો.
માણસ.	—	વિદ્યા.	—	ભણેછે.	—
માણસ.	સુપાત્ર.	વિદ્યા.	સદ્.	ભણેછે.	સારી રીતે.

મનોયત્ન ૮.

નીચેનાં વાકયોનું પૃથક્કરણ કરો.

હવે દૂધનો ભાવ ઘટ્યો છે.

આ વરસે ધાન્ય બહુ સારૂ પાકયુંછે.

અકબર બાદશાહે રાજમાં બહુ ફેરફાર કર્યા.

આલમગીરના રાજયમાં હિંદુઓને બહુ દુઃખ હતું.

મનસુખભાઈનો માલ બહુ વખણાયછે.

પ્રકરણ ૨ જું.

વાકયરચના.

પાઠ ૯. વાકયની ગોઠવણ.

૧૩. છૂટા છૂટા શબ્દોને એકઠા કરીને આખું વાકય બનાવીએ તેને વાકયરચના કહેછે. જેમકે—છોકરો, રોજ, નિશાળે, આવેછે. આ ચાર જૂદા જૂદા શબ્દ છે માટે તે વાકય કહેવાય નહિ, પણ છોકરો રોજ નિશાળે આવેછે, આ વાકય થયું કહેવાય.

વાકયમાં અનુક્રમે શબ્દો ગોઠવ્યાથીજ તેનો સ્પષ્ટ અર્થ સમજાયછે, ગમે તેવી રીતે શબ્દોની ગોઠવણથી વાકય થઇ શકતાં નથી. જેમકે—ગયાછે માલ પંડિતજી મુંબાઈ લેવાને, આવી ગોઠવણથી વાકયનો અર્થ સમજાતો નથી પણ પંડિતજી માલ લેવાને મુંબાઈ ગયાછે, આવી ગોઠવણથી

વાકયનો અર્થ સમજાયછે. માટે વાકયમાં પહેલો કર્ત્તા પછી કર્મ અને છેલ્લે ક્રિયાપદ આવેછે. એ ગોઠવણુ હોય તોજ અર્થ સ્પષ્ટ સમજાયછે.

મનોયત્ન ૯.

નીચેના શબ્દો ઉપરથી વાકય ગોઠવો.

જમ્યા, હતા, લાડુ, ન્યાતમાં, અમે,
પડી, ગયાં, રમકડાં, ધનુનાં, રસ્તામાં,
ભાગી, નાખી, મોટી, સ્લેટ, મારી, મગને,
નાહ્યો, હતો, હું, મળસકે, આજે,
આપ્યા, જવાબ, મનોયત્નના, આજે, તેં,
હતી, એક, ચકલી, ને, હતો, એક, ચકલો,

પાઠ ૧૦. વાકયનો વધારો.

૧૪. અકર્મક ક્રિયાપદનું વાકય હોય તો તેમાં ઓછામાં ઓછા બે શબ્દ હોવા જોઈએ. ૧ કર્ત્તા ને ૨ ક્રિયાપદ. અને સકર્મક ક્રિયાપદનું વાકય હોય તો તેમાં ઓછામાં ઓછા ત્રણ શબ્દ હોવા જોઇએ. કર્ત્તા, કર્મ, અને ક્રિયાપદ. ઉદાહરણ—અંબાલાલ સૂતા. મગન ગયો, ગાય આવી. ઘોડો દોડયો. પક્ષી ઉડેછે. એ અકર્મક ક્રિયાપદ વાળાં વાકયનાં ઉદાહરણ છે. તમે ચોપડી વાંચો, મેં કલમ કરી; સૂથાર બારી ઘડેછે, તેણે રોટલી ખાધી, મેં શાહી બનાવી. એ સકર્મક ક્રિયાપદ-વાળાં વાકયનાં ઉદાહરણ છે.

ઉપર જે વાકયો આપ્યાં છે તેમાં કર્ત્તા વિષે જેટલું કહેવાનું હતું તે સ્પષ્ટ કરવા માટે કાંઇક વધારે કહેવાની જરૂર પડેછે. જેમકે—

અમરતલાલ સૂતા, આથી અમરતલાલ વિષે એમ પ્રશ્ન ઊઠે કે કયો અમરતલાલ, તો કહેવું પડે કે સુતાર અમરતલાલ, કે મોટો કે નાનો અમરતલાલ. આવી રીતે અમરતલાલને ઓળખવા માટે જે શબ્દ તેની આગળ મૂકવા પડેછે તે વધારાના શબ્દને કર્ત્તાનો વધારો કહેછે.

વાકયરચનામાં પ્રથમ કર્ત્તાનો વધારો અને પછી કર્ત્તા એ અનુક્રમ હોયછે.

નીચેનાં વાકયમાં કર્ત્તાનો વધારો કેવી રીતે થાયછે. તે બતાવ્યું છે.

વાકય.	કર્ત્તાનો વધારો.
છોકરો બેઠો.	તે છોકરો બેઠો.
ગાય આવી.	ધોળી ગાય આવી.
ઘોડો દોડયો.	તેનો ઘોડો દોડયો.
પક્ષી ઉડેછે.	સો પક્ષી ઉડેછે.
ભાઈ આવ્યો.	મારો ભાઇ આવ્યો.

મનોયત્ન ૧૦.

૧ બે શબ્દથી વાકય બનાવો.

૨ અકર્મક ક્રિયાપદવાળાં વાકયમાં ઓછામાં

ઓછા કેટલા શબ્દ હોય ?

૩ કર્ત્તાનો વધારો શા માટે કરવો પડે ?

૪ કર્ત્તાનો વધારો વાકયરચનામાં કયા ક્રમમાં હોયછે ?

૫ કર્ત્તાના વધારાવાળાં ૩ વાકય બનાવો.

૬ નીચેનાં વાકયનું પૃથક્કરણ કરો.

સખત તાપ પડેછે.

બે નાના ભાઇ આવ્યા.

તે પરગજુ છોકરો બેઠો.

૭ નીચેનાં વાક્યમાં કર્ત્તાનો વધારો કરો.

કાગળ બને છે.

સાંઢ બેઠો હતો.

વાઘ કૂદ્યો.

પાઠ ૧૧ કર્મનો વધારો.

પાછલા પાઠમાં બતાવ્યા પ્રમાણે જેમ કર્તાને ઓળખાવવા માટે તેમાં વધારો કરવાની જરૂર પડેછે તેવીજ રીતે કર્મમાં પણ કરવું પડેછે. આ વધારાને કર્મનો વધારો કહેછે. ઉદાહરણ—તેણે પાઘડી ફાડી. આમાં પાઘડી વિષે પ્રશ્ન ઉઠે કે કોની પાઘડી ફાડી ? કે કયી પાઘડી ફાડી ? તો તેની સ્પષ્ટતા કરવા માટે આપણે તે કહેવુંજ પડેછે.

વાકય.	કર્મનો વધારો.
તેણે પાઘડી ફાડી.	તેણે મારી પાઘડી ફાડી.
,,	તેણે મારી નવી પાઘડી ફાડી.
ભેંસો દૂધ દેછે.	ભેંસો મસ દૂધ દેછે.
તું પાણી પી.	તું થંડું પાણી પી?
અમે લાડુ જમ્યા.	અમે ખાંડના લાડુ જમ્યા.
કડીએ બંગલો ચણ્યો.	કડીએ અમરતલાલનો બંગલો ચણ્યો,

ઉપરનાં વાકયોમાં મારી, નવી, મસ, થંડું, ખાંડના, અમરતલાલનો, એ શબ્દો કર્મનો વધારો છે,

ઉપલાં વાકયમાં જોશો તો જણાશે કે વાકયરચનામાં કર્મનો વધારો કર્મની પહેલાંજ હોયછે.

મનોયત્ન ૧૧.

૧ કર્મનો વધારો વાકયમાં કયા ક્રમમાં હોય?

૨ કર્મના વધારાની શી જરૂર છે?

૩ કર્મનો વધારો એટલે શું?

૪ નીચેનાં વાકયમાં કર્મનો વધારો કરો.

હું પાઠ વાંચુંછું.
તે ચણા ખાયછે.
છગને ઓસડ પીધું.

૫ નીચેનાં વાકયોમાં કયા શબ્દો કર્મના વધારાના છે.

ગધેડાં બહુ વૈતરૂં કરેછે.
તેણે મોળું દૂધ પીધું.

તેણે બહુ કડવાં ઓસડ પીધાં.
તેણે મારી નવી ચોપડી ફાડી.

પાઠ ૧૨ ક્રિયાપદનો વધારો.

પાછલા બે પાઠોમાં કર્ત્તા અને કર્મનો વધારો શી રીતે થાયછે તથા શામાટે કરવો પડેછે તે બતાવવામાં આવ્યું છે. ક્રિયાપદનો વધારો પણ તેની જગા, વખત, રીત વગેરે જણાવવા માટે કરવામાં આવેછે.

ઉદાહરણ—

વાકય.	ક્રિયાપદનો વધારો.
તે રાંધેછે.	તે ઓરડીમાં રાંધેછે
હું જાઉંછું.	હું સરખેજ જાઉંછું.
છોકરો ગયો.	છોકરો ત્યાં ગયો.
મગન આવ્યો.	મગન સવારે આવ્યો.
મોતીરામ ગયા.	મોતીરામ કાલે ગયા.
હું કૉપી લખીશ.	હું કોપી આજ લખીશ.
તે આવ્યો.	તે દોડતો આવ્યો.
ગધેડાં ચાલેછે.	ગધેડાં ધીમાં ચાલેછે.

ઉપરનાં વાકયોમાં ઓરડીમાં, સરખેજ, ત્યાં, (જગા બતાવનાર) સવારે, કાલે, આજ, (વખત બતાવનાર) દોડતો, ધીમો, (રીત બતાવનાર) એ શબ્દો ક્રિયાપદના અર્થમાં વધારો કરેછે.

વાકયમાં ઘણુંકરીને ક્રિયાપદનો વધારો પહેલો અને પછી ક્રિયાપદ આવેછે.

અનાયત્ન ૧૨.

૧ ક્રિયાપદનો વધારો કયા ક્રમમાં હોયછે ?
૨ ક્રિયાપદના વધારાની શી અગત્ય છે.
૩ ક્રિયાપદના વધારાના શબ્દ કયા કયા અર્થ જણાવેછે.
૪ નીચેનાં વાકયમાં ક્રિયાપદનો વધારો કરો,

તે ગયો,
હું ભાત ખાઊંછું,
તું આ હિસાબ કર,

૫ નીચેનાં વાકયમાં ક્રિયાપદના વધારાના શબ્દ જણાવો.

તેણે તેને ખાડામાંથી બહાર કાઢયો.
પેલો છોકરો જલદી જલદી ગયો.
હું ઝટ ઝટ ખાઇ ગયો.
ભાઇ તો હજુએ ઉઠયા નથી.
કારેલાંમાં કંઈ મીઠાશ હોય ?

૬ નીચેનાં વાકયોનું પૃથક્કરણ કરો.

તેનો માલ સારો ગણાયછે.
આપણે બધા કાલે જઈશું.
ગુલાબનાં ફૂલ બાગમાં હોયછે.
વાગોળ ઊંધે માથે લટકેછે.
તોપનો ગોળો હવામાં દોડતો જાયછે.

પાઠ ૧૩ વાકયની જાત.

વાકય બે જાતનાં હોયછે. ૧ સાદાં, ૨ મિશ્ર

એક કર્ત્તા અને એક ક્રિયાપદથી બનેલાં વાકયને સાદાં વાકય કહેછે. સકર્મક ક્રિયાપદવાળું વાકય હોયતો કર્મ જોઇએ. ઉદાહરણ અંબાલાલ સૂતા છે, સોની વહેલો આવ્યો, તમે સવારે વહેલા ઊઠજો, આ ચોપડી વાંચો, આ નવી ચોપડી હમણાં વાંચો, વગેરે—

બે કે વધારે સાદાં વાકયથી બનેલા વાકયને મિશ્રવાકય કહેછે. ઉદાહરણ—પાસેના જંગલમાં વાઘ છે એ સાંભળીને સાહેબ શિકાર કરવા ગયા. પરીક્ષામાં મને ઇનામ મળ્યું તેથી મારો ભણવાનો ઉમંગ વધ્યો. મારે જે ચોપડી જોઇતી હતી તે મળી. આવાં મિશ્ર વાકયોમાં જે વિચાર મુખ્યત્વે કહેવાનો હોય તે દર્શાવનાર વાકય મુખ્ય વાકય કહેવાયછે અને બાકીનાં વાકય પેટાવાકય કહેવાયછે. પેટાવાકય મુખ્યવાકયનો હેતુ, કાળ, પ્રકાર વગેરે બતાવે છે. ઉપરના પ્રથમ વાકયમાં સાહેબ શિકાર કરવા ગયા, એ મુખ્ય વાકય છે. કેમકે મુખ્યત્વે કરીને એ વાત કહેવાની છે. સાહેબ શામાટે શિકાર કરવા ગયા તે બતાવવાસારૂ પાસેના જંગલમાં વાઘ છે, એ પેટા વાકય વપરાયુંછે અને તે સાંભળીને એ કૃદંતનું કર્મછે.

મનોયત્ન ૧૩.

૧ સાદાં વાકય કોને કહેવાં. ?

૨ મિશ્રવાકય એટલે શું ?

૩ બે શબ્દનું સાદું વાકય બનાવો.

૪ કર્મવાળું સાદું વાકય બનાવો ?
૫ કર્ત્તાના વધારાનું સાદું વાકય બનાવો.
૬ કર્મના વધારાનું સાદું વાકય બનાવો.
૭ ક્રિયાપદના વધારાનું સાદું વાકય બનાવો.
૮ કર્ત્તા, કર્મ અને ક્રિયાપદના વધારાનું સાદું વાકય બનાવો.
૯ કર્ત્તા અને કર્મનો વધારો આવે એવું સાદું વાકય બનાવો.
૧૦ કર્મ અને ક્રિયાપદનો વધારો આવે એવું સાદું વાકય બનાવો.
૧૨ મુખ્યવાકય એટલે શું ?
૧૨ પેટાવાકય એટલે શું ?
૧૩ મુખ્યવાકયનું કાળ દર્શાવનાર પેટાવાકય આવે એવું મિશ્રવાકય બનાવો.

પાઠ ૧૪. વાકયમાં શબ્દોનો અનુક્રમ.

વાકયમાં પહેલો કર્ત્તા, પછી કર્મ અને છેલ્લું ક્રિયાપદ આવે.* ઉદાહરણ—હું ગયો, હું સરખેજ ગયો, તેણે સ્લેટ ભાગી. મેં ચોપડી લખી. વગેરે.

કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોયછે. જેમકે—મેં તેને રૂપિઆ આપ્યો, ભગુએ નાનાલાલને વાત કહી, પ્રભુલાલ નાનુભાઈને અંગ્રેજી શીખવેછે. આ વાકયોમાં દરેક ક્રિયાપદને બે કર્મ છે. ક્રિયાપદની

---

* કવિતામાં આ નિયમ સચવાતો નથી તે વાત શિક્ષકોએ ઉદાહરણથી બતાવવી.

પાસે જે કર્મ છે તેને ઉપસ્થ (પાસેનું) કર્મ કહેછે. અને બીજાને અનુપસ્થ (દૂરનું) કર્મ કહેછે. અનુપસ્થ કર્મ ઉપસ્થ કર્મની પહેલાં આવેછે–ઉપસ્થ કર્મને ક્રિયાપદની ક્રિયા સાથે વધારે નિકટ સંબંધ હોયછે.

ક્રિયાનું સ્થળ જણાવનાર શબ્દ કર્મની પહેલાં કે વખતે તેની પછી પણ આવેછે. તમે પાઘડી માથે પહેરો કે તમે માથે પાઘડી પહેરો. રૂપિઆ પેટીમાં મૂકજો કે પેટીમાં રૂપિઆ મૂકજો.

મનોયત્ન ૧૪.

૧ વાક્યમાં શબ્દનો ક્રમ કેવો હોયછે?
૨ ઉપસ્થ કર્મ એટલે શું ?
૩ અનુપસ્થ કર્મ એટલે શું ?
૪ અનુપસ્થ કર્મની જગા વાક્યમાં ક્યાં હોયછે?
૫ ક્રિયાનું સ્થળ બતાવનાર શબ્દ ક્યાં મૂકાયછે?
૬ વાક્યમાં શબ્દનો ક્રમ શામાટે જોઈએ ?
૭ કવિતામાં વાક્યરચનાના નિયમ સચવાયછે?
૮ અનુપસ્થ કર્મ આવે એવાં ત્રણ વાક્ય બનાવો.
૯ શબ્દનો અનુક્રમ એટલે શું ?

પાઠ ૧૫. વાક્યમાં શબ્દનો અનુક્રમ.

વિશેષણ* વિશેષ્યની× પહેલાં બોલાયછે અને

---

* જે શબ્દ બીજા શબ્દનો ગુણ અથવા સંખ્યા બતાવે તે વિશેષણ કહેવાય છે.

× જેના ગુણ કે સંખ્યા બતાવ્યાં હોય તે વિશેષ્ય કહેવાય છે.

વખતે પાછળ પણ બોલાયછે. ઉદાહરણ—સારા ચોખા લાવજો, કે ચોખા સારા લાવજો. રાતી પાઘડી રંગજે, કે પાઘડી રાતી રંગજે.

સર્વનામના* ગુણ બતાવનાર વિશેષણ સર્વનામની પછી આવે છે. ઉદાહરણ—તે બુદ્ધિમાન છે, હું બડો ભાગ્યશાળી છું.

મનોયત્ન ૧૫.

૧ વાકયમાં વિશેષણ કયાં આવે ?

૨ સર્વનામના ગુણદર્શક શબ્દો કયાં આવે ?

૩ પાઘડી રાતી રંગજે અને રાતી પાઘડી રંગજે એના અર્થમાં શો ભેદ છે ?

૪ સર્વનામનો ગુણ બતાવે એવાં ૩ વાકય કહો.

૫ નામનો ગુણ બતાવે એવાં ૫ વાકય કહો.

પાઠ ૧૬. વાકયમાં શબ્દોનો અનુક્રમ.

કૃદંત* અને ક્રિયાપદ જોડે આવેતો પહેલું કૃદંત અને પછી ક્રિયાપદ મૂકવામાં આવેછે. ઉદાહરણ—તે બારીએથી પડી ગયો, તમે જઈને જુઓ તો ખરા, હું તો આવ્યો હતો, વગેરે. કોઈ વખત કૃદંત ક્રિયાપદની પછી પણ મૂકવામાં

---

* નામને ઠેકાણે જે શબ્દ વપરાય તે સર્વનામ કહેવાય છે. હું, તું, તે, પોતે, આપ, આપણ અને કોણ એ સર્વનામ છે.

* જે શબ્દોમાં ક્રિયાપદ અને નામનાં કે ક્રિયાપદ અને વિશેષણનાં કે ક્રિયાપદ અને અવ્યયનાં લક્ષણ હોય તેઓ કૃદંત કહેવાયછે. ક્રિયાપદના મિશ્રરૂપમાં મુખ્યક્રિયાપદ કોઈ કૃદંત તરીકે વાપરેછે.

આવેછે. ઉદાહરણ--તમે નહોતા આવ્યા ? મેં તો નથી ખાધું.

ઉભયાન્વયી અવ્યય જે બે વાકયોને જોડે છે તે બે વાકયોની વચમાં મૂકાયછે. ઉદાહરણ--એળચી અને લવિંગ લાવજો, મેં કહ્યું પણ તેણે માન્યું નહિ.

કેવળપ્રયોગી અવ્યય હમેશાં વાકયથી છૂટો રહેછે. ઉદાહરણ—રામ રામ કરોની, હાય હાય આ શું થઇ ગયું. ઓહો ! કેટલો મોટો સાપ નીકળ્યોછે, બાપરે, ખાધોરે,

શબ્દયોગી અવ્યય નામ કે સર્વનામ અથવા નામને અર્થે વપરાયલા વિશેષણની પછી આવે. ઉદાહરણ—કૂતરાની પાછળ દોડ, તેની કને નથી, એ લુચ્ચાને લીધે મને નુકસાન થયું.

ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદની પહેલાં જ આવેછે. ઉદાહરણ--તે ખૂબ દોડયો, બા, મને જરા આપ, હું કયાં જાઉં ? નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય વખતે ક્રિયાપદની પછી પણ આવેછે. ઉદાહરણ--તું ખાઇશ નહિ, આવું ફરીથી કરતો મા, એવું કામ ફરીથી કરતો ના.

મનોયત્ન ૧૬.

૧ વાકયમાં કૃદંતની જગા કયાં હોયછે ?

૨ ઉભયાન્વયી અવ્યય વાકયમાં કયે સ્થળે આવેછે?

૩ કયો અવ્યય વાકયમાં છૂટો જ રહેછે.

૪ કયા ક્રિયાવિશેષણઅવ્યય ક્રિયાપદની પાછળ આવે.

પ્રકરણ ૩ જું.

સંબંધ.

પાઠ ૧૭. વિશેષણ.

વિકારી વિશેષણોનાં રૂપ તેના વિશેષ્યની જાતિ, વચન અને વિભક્તિમાં મળતાં હોયછે, પરંતુ વાક્યમાં વિશેષ્ય હાજર હોયછે ત્યારે વિશેષણોને વિભક્તિના છૂટા પ્રત્યયો માત્ર લાગતા નથી. ઉદાહરણ—ડાહ્યા છોકરો, ડાહી છોકરી, ડાહ્યું છોકરું, ડાહ્યા છોકરાને, ધોળી ગાયથી વગેરે.

વિશેષણ એકથી વધારે હોય અને વિશેષ્ય એક હોય તોપણ ઉપરનોજ નિયમ લાગુ પડે છે. ઉદાહરણ—મારે મોટો, ઊંચો, જબરો ઘોડો લેવોછે.

વિશેષ્ય જૂદી જૂદી જાતિના હોય ત્યારે વિશેષણ નાન્યતરજાતિના બહુવચનમાં રહેછે. સારાં માબાપ, થંડાં દાળ ભાત, અંગરખો પાઘડી ને દોપટ્ટો સારાં છે—

છઠ્ઠી વિભક્તિના પ્રત્યય વિકારી વિશેષણની પેઠે પોતાનાં રૂપ બદલે છે. ઉદાહરણ-કીશોરની ચોપડી, કીશોરનો ચોપડો, કીશોરનું ધોતીઉં વગેરે. છઠ્ઠી સિવાય બાકીની વિભક્તિનાં રૂપ અવિકારી વિશેષણ જેવાં છે.

પ્રત્યેક નામની જોડે તેની જાતિ પ્રમાણે વિશેષણ સ્પષ્ટતા બતાવવા માટે મૂકી શકાય. ઉદા-

હરણ—સાહેબે કાળો ડગલો, કાળી ટોપી અને પીળું પાટલુન પહેર્યાં હતાં. રાજાની સ્વારીમાં ઘણા હાથી, ઘણા ઘોડા, ઘણાં ઊંટ અને ઘણાં ટટ્ટુ હતાં.

પ્રશ્નોયત્ન ૧૭.

૧ વિશેષણને કોની જાતિ લાગે ?

૨ વિશેષણને વિભક્તિના પ્રત્યય ક્યારે ન લાગે.

૩ જૂદી જૂદી જાતિનાં વિશેષ્ય હોય ત્યારે વિશેષણનાં રૂપ શી રીતે થાય ?

૪ છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો શી રીતે બદલાયછે.

૫ સ્પષ્ટતા બતાવવા માટે પ્રત્યેક નામની સાથે વિશેષણ આવે એવાં ૫ વાક્ય કહો.

પાઠ ૧૮. ક્રિયાપદ.

ક્રિયાપદને ક્રિયાનાથનાં જાતિ, વચન અને પુરૂષ લાગેછે. ઉદાહરણ—હું છું, તું છે, તમે છો, તેઓ છે, ઘોડી દોડી, ઘોડા દોડ્યા વગેરે. સ્લેટ ભાગી.

ભાવેપ્રયોગનું ક્રિયાપદ ક્રિયાનાથ પ્રમાણે રૂપ નહિ બદલતાં નાન્યતર જાતિના એકવચનમાં રહે છે. ઉદાહરણ—ડાહીને જવું છે, મારે ખાવું છે, તેને નહાવું છે.

જૂદી જૂદી જાતિના ક્રિયાનાથ હોય તો ક્રિયાપદ ઘણું કરીને નાન્યતરજાતિના બહુવચનમાં

આવેછે. વીજળી અને આત્મારામ આવ્યાં, જડાવ, જોઈતારામ, વ્રિજવલ્લવ એ બધાંનાં છોકરાં ડાકોર ગયાં.

ક્રિયાનાથ જૂદા જૂદા પુરૂષ સર્વનામ હોય તો જો તેમાં પહેલા પુરૂષનું સર્વનામ હોય તો ક્રિયાપદનું રૂપ પહેલા પુરૂષના બહુવચનમાં હોયછે. ઉદાહરણ--હું ને તે જઈશું, તે અને હું જમીશું, જમનાદાસ અને હું આવીશું.

પહેલા પુરૂષનું સર્વનામ ન હોતાં બીજા પુરૂષનું સર્વનામ હોય તો ક્રિયાનાથ બીજા પુરૂષના બહુવચનમાં આવેછે. તું ને તે કાલે આવજો, કાળીદાસ અને તું કાલે જજો.

ક્રિયાનાથની જાતિ નર હોય તોપણ માનાર્થે તેનું ક્રિયાપદ બહુવચનમાં આવેછે. ઉદાહરણ રાજા ગયા, મહારાજ પધાર્યા. પણ નારીજાતિના ક્રિયાનાથનું ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં આવેછે. રાણી આવ્યાં, માતાજી ગયાં.

મનોયત્ન ૧૮.

૧ ક્રિયાપદને જાતિ વચન કોનાં લાગે?
૨ જૂદી જૂદી જાતિના ક્રિયાનાથ હોય ત્યારે ક્રિયાપદનો અન્વય શીરીતે થાય?
૩ ક્રિયાનાથ જૂદા જૂદા પુરૂષ સર્વનામ હોય ત્યારે ક્રિયાપદનો અન્વય કેવી રીતે થાય?
૪ ક્રિયાનાથ એક છતાં ક્રિયાપદ બહુવચનમાં ક્યારે બોલાય?

૫ નારીજાતિના ક્રિયાનાથનું ક્રિયાપદ માનાર્થે કેવી રીતે બોલાય ?

પાઠ ૧૯ ક્રિયાપદ.

ક્રિયાનાથ એકથી વધુ હોય અને પ્રત્યેક એકવચનમાં હોય પણ જો તેઓ અને, તથા, વગેરે ઉભયાન્વયી અવ્યયથી જોડાયલા હોય તો ક્રિયાપદ બહુવચનમાં આવે. ચીમન, જાલમ, મણીલાલ અને પ્રભુલાલ હજી આવ્યા નહિ.

ક્રિયાનાથ એકથી વધુ હોય અને પ્રત્યેક એકવચનમાં હોય પણ જો તેઓ જૂદી જૂદી જાતિના હોય તો ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં આવેછે. ચમન, મણી અને કમળા આવ્યાં. ગાય, ઘોડો અને કૂતરૂં દોડયાં. સૂતારે બારી અને બારણું ઘડયાં.

ક્રિયાનાથ ભિન્નાર્થદર્શક ઉભયાન્વયી અવ્યયથી જૂદા પડતા હોય તો ક્રિયાપદનું રૂપ પાસેના ક્રિયાનાથ પ્રમાણે થાયછે. આ ગામમાં સ્લેટ, પેન કે કાગળ મળતો નથી, તેના રૂપિઆ, અર્ધા અને બે આની પડી ગઇ.

મનોયત્ન ૧૯.

૧ એકવચનમાં ક્રિયાનાથ છતાં ક્રિયાપદ બહુવચનમાં ક્યારે બોલાય ?

૨ ક્રિયાનાથની જાતિ જૂદી જૂદી હોય તો ક્રિયાપદને જાતિવચન કોનાં લાગે ?

૩ ક્રિયાપદ પાસેના ક્રિયાનાથની જાતિ ક્યારે સ્વિકારે ?

૪ ભિન્નાર્થદર્શક ઉભયાન્વયીઅવ્યય એટલે શું.

પાઠ ૨૦ વિભક્તિ.

બે કે વધારે નામોની વચ્ચે અને, તથા કે, એ વગેરે ઉભયાન્વયીઅવ્યય આવે તો વિભક્તિનો પ્રત્યય દરેક નામને લાગે અથવા માત્ર છેલ્લા નામને જ લાગે. ચમન, સાંકળચંદ, વાડીલાલ અને હરિલાલને બોલાવો. આ કામ મગનલાલથી કે હરિલાલથી થઇ શકવાનું નથી.

બે કે વધારે નામો જોડાઇ જાય તો વિભક્તિ છેલ્લા નામને લાગે. વરવહુની ઉત્તમ જોડી છે, સાસુવહુને બનતું નથી, રાજારજવાડામાં કારભારીનું ચાલેછે.

સકર્મક પ્રદાયક* ક્રિયાપદમાં બે કર્મ હોય તો પહેલા કર્મ (અનુપસ્થ કર્મ)ને વિભક્તિના પ્રત્યય લાગેછે. ઉદાહરણ—હું તને ચોપડી આપીશ, તેણે મને શીખામણ દીધી, મને તેણે ગાળ દીધી.

મનોયત્ન ૨૦

૧ કયા કર્મને વિભક્તિ નહિ લાગે ?

૨ છેલ્લા નામને વિભકિત ક્યારે લાગે ?

---

* જે ક્રિયાપદનો અર્થ આપવું, દેવું, કે પહોંચાડવું એવો હોય તે પ્રદાયક કહેવાયછે.

૩ પ્રદાયક ક્રિયાપદ એટલે શું?
૪ બે કર્મ હોય તો કયા કર્મને વિભકિતના
પ્રત્યય લાગે?

પ્રકરણ ૪ થું.

વિરામચિન્હો.

પાઠ ૨૧ વિરામચિન્હ.

બોલવામાં શબ્દે શબ્દ છૂટા પાડીને બોલીએ છીએ ને વાકયમાં લંબાઇ તથા અર્થના સંબંધમાં કેટલેક ઠેકાણે થોડા અથવા વધારે અટકીએ છીએ. બોલતાં ઝટ શ્વાસ ભરાઈ ન જાય માટે પણ તેમ કરવાની જરૂર પડેછે. એ પ્રમાણે અટકવાનું દેખાડનારાં ચિન્હોને વિરામ ચિન્હો કહેછે. વળી મનોભાવ તથા પ્રશ્ન બતાવવાને પણ કેટલાંક ચિન્હો છે, તેઓને પણ વિરામ ચિન્હોના પેટામાં ગણેલાં છે. હાલ ઘણું કરીને નીચેનાં ચિન્હોનો વાપર જોવામાં આવેછે.

, અલ્પવિરામ—લઘુવિરામ,

: અર્ધવિરામ.

; ગુરૂવિરામ—દીર્ઘવિરામ.

. પૂર્ણવિરામ—અંતવિરામ.

? પ્રશ્નવિરામ—

! ઉદ્ગાર.

( ) [ ] કૌંસ.

“ ” અવતરણ.

- સંયોગરેખા.

— વર્ણન કે ઉદાહરણરેખા.

એ સિવાય ગણિતશાસ્ત્રમાં બીજાં ચિન્હો વપરાયછે.

બોલવામાં કે વાંચવામાં છેક થોડો શ્વાસ ખાવાને ઠેકાણે, અર્થમાં થોડો ભેદ દર્શાવવાને, મિશ્ર વાકયોના ભાગોમાં બહુ પાસેનો સંબંધ જણાવવાને અલ્પવિરામ લખવામાં આવેછે.

વાકયના બે ભાગ લગભગ સ્વતંત્ર હોય અને આખા વાકયના અર્થથી તેમનો સંબંધ બેસતો હોય ત્યારે તે બે ભાગ વચ્ચે અર્ધવિરામ આવેછે.

મિશ્રવાકયોનાં પેટાનાં વાકયોમાં બહુ પાસેનો સંબંધ ન હોય તો ગુરૂવિરામ લખવામાં આવેછે

પાઠ ૨૨ વિરામ ચિન્હો.

વાકય પૂર્ણ થયેથી પૂર્ણવિરામ લખવામાં આવેછે.

પ્રશ્ન પૂછવામાં કે શંકા જણાવવાને માટે પ્રશ્ન ચિન્હ મૂકવામાં આવેછે.

આશ્ચર્ય, હરખ, શોક, સાબાશી, ધિઃકાર વગેરે મનના ભાવ દર્શાવનાર ઉદ્ગાર ચિન્હ છે.

અર્થની સ્પષ્ટતાને કે ખુલાસાને માટે કાંઈ વિશેષ્ય જણાવવાનું હોય તો તે કૌંસમાં લખી જણાવવામાં આવેછે.

કોઈનું કહેલું કે બીજી ચોપડીનો ઉતારો કરેલો અવતરણચિન્હથી જણાવાય છે.

લખતાં લખતાં એક લીટીની અંતે શબ્દ પૂરો ન લખાઇ રહેતાં બીજી લીટીમાં લખવો પડેછે ત્યારે અધૂરા શબ્દની પાછળ અથવા શબ્દના ભાગ જણાવવાને નાની લીટી મૂકવામાં આવેછે તેને સંયોગરેખા કે લઘુરેખા કહેછે.

વાક્યમાં ઉદાહરણ તથા કહેલા વિષયનું વર્ણન છે એ જણાવવાને જરા લાંબી લીટી કાઢવામાં આવેછે તેને વર્ણનરેખા કે ગુરૂરેખા કહે છે.

મનોયત્ન ૨૧.

૧ વિરામચિન્હોની શી જરૂર છે ?
૨ વિરામચિન્હો કેટલાં છે ને કયાં કયાં ?
૩ અવતરણચિન્હ કયારે વપરાય ?
૪ ઉદ્ગાર કયારે વપરાય ?
૫ લઘુ તથા ગુરૂરેખાનો શો ઉપયોગ છે ?

પ્રકરણ ૫ મું.

નિબંધરચના.

પાઠ ૨૩. વાક્ય બનાવવાં.

છોકરાં ઉપલાં ધોરણ શીખવા પર આવ્યાંછે અને પોતાના વિચાર બીજાને કહી શકેછે તથા લખી શકેછે માટે તેમને થોડાંક ભાષા સંબંધી મનોયત્ન આપીશું તો તે ઉપયોગી થશે.

૧ દૂધ શબ્દ વિષે ૧૦ વાક્ય લખો. એમાંનાં પાંચમાં અકર્મક ક્રિયાપદ હોય અને ૫ માં સકર્મક ક્રિયાપદ હોય. પાંચમાં વર્ત્તમાનકાળ હોય, ત્રણમાં ભવિષ્ય કાળ હોય ને બેમાં ભૂતકાળ હોય.

૨ ગામ, રસાળ, રહેવું, ખેતર, પટેલ એ શબ્દોનો ઉપયોગ કરી મૂળભેદ અને સહ્ય-ભેદનાં પાંચ પાંચ વાકયો લખો. દરેકના કાળ વર્તમાન જોઈએ.

૩ નદીએ પાણી ચઢેછે, મુંબાઈ બેટ છે, કુ-સારો વાસણ ઘડેછે, બળદ ચરેછે, બાજરી ઊગશે. એ વાકયોનો બને તેટલો વિસ્તાર કરો.

૪ ઓસડ, વૈદ, ગોળ, હરડે, મરી, જીવણલાલ પાન, સોપરી, એ અને બીજા શબ્દો વડે ચાર ચાર મિશ્ર વકયો બનાવો.

૫ અને, ને, તથા, કે, અથવા, એ અવ્યયો નો ઉપયોગ કરી દશ મિશ્ર વાકયો બનાવો અને તેમાં વિરામચિન્હોનો ઉપયોગ કરો.

૬ અવતરણ ચિન્હ તથા કૌંસનો ઉપયોગ થાય એવાં પાંચ પાંચ વાકયો બનાવો.

૭ ગુરૂ તથા લઘુરેખાનો ઉપયોગ કરી પાંચ વાકય બનાવો.

પાઠ ૨૪ નિબંધની શરૂઆત.

પરગામના રહેનાર પોતાના મિત્રને કાગળ લખો, અને તેમાં ગયા સાત દિવસમાં તમે જે શીખ્યા હો તે જણાવો. એમાં સાદાં અને મિશ્ર બેઉ પ્રકારનાં વાક્ય આવવાં જોઈએ.

૨ પાંચમી ચોપડીમાં સૂર્ય અને પવનની વાતનો પાઠ છે તે શિક્ષકે છોકરાંની આગળ ભાવ સહિત વાંચી જવો અને બધાં છોકરાંને સંભળાવવો. પછી નિશાળીઆને ચોપડીમાં જોયા વગર તેજ ક્ષણે લખવાને કહેવું.

છઠ્ઠી ચોપડીમાં વરૂ અને ઘેટાની વાતનો પાઠ છે તે શિક્ષકે છોકરાંને વાંચી સંભળાવવો અને છોકરાંને જોયા વગર લખવાને કહેવું.

આ પ્રમાણે ટૂંકી ટૂંકી વાતો છોકરાંને સંભળાવવી અને તે લખવાને કહેવું. આથી છોકરાં પોતાના વિચાર લખશે, અને તેથી તેમને પોતાના વિચાર લખી જણાવવાનો મહાવરો થશે.

એવી ટૂંકી વાતોનો મહાવરો થયા પછી લાંબી વાતો લખવાનો મહાવરો કરાવવો. એવો મહાવરો વધ્યા પછી પોતાને આવડતી હોય તેવી વાતો લખી મંગાવવી અને વિચાર તથા ભાષાનો દોષ વગેરે શિક્ષકે સુધારવો. જે સુધારવું તે આખા વર્ગની સન્મુખ પાટિયા પર સુધારવું.

પાઠ ૨૫ નિબંધની સૂચના.

નિબંધ લખવામાં ભાષા અને વિષય બેઉ વાનાં આવડવાં જોઈએ.

ભાષાની રચનામાં વ્યાકરણના નિયમ, રૂઢી, શબ્દોની અને અર્થની યોગ્યતા એ ત્રણ ઉપર લક્ષ આપવું. વાંચનારથી વગર મહેનતે સમજાય એવી ઢબે લખાણ કરવું જોઇએ.

વિષય ઉપર વિચાર કરી તેના ભાગ અને પેટા ભાગ પાડવા. એ ગોઠવણ વિષયના સ્વરૂપ પ્રમાણે થઈ શકે. ઉદાહરણ-ઘરનું વર્ણન કરવુંછે તો પ્રથમ અનુક્રમણિકા લખવી. અનુક્રમણિકામાં પ્રથમ તેના મુખ્ય ભાગ લખવા. જેમકે—ભોંય તળીઉં, ઓટલો, પગથીઆં, બારણાં, બારી, માળ, છજું, છાપરૂં, વગેરે.

વાકયમાં જેમ શબ્દના અનુક્રમ ઉપર લક્ષ આપવાનું છે તેમ નિબંધમાં વિચારના ક્રમ ઉપર ધ્યાન આપવાનું છે. માટે વિચારનો ક્રમ પ્રથમ મનમાં ગોઠવવો જોઇએ. ઉદાહરણ—ઘરના વર્ણનમાં પ્રથમ ભોંયતળીઉં, ભડું, પછીત, કરા, છાપરાના ઢાળ, મોતિયું, પાંખ, નેવાં વગેરે ઉપર અનુક્રમે વિચારની સંકલના આવવી જોઇએ.

બારી બારણાના વિભાગમાં બારસાખ, કમાડ આર્ચ (કમાન) વગેરેનું વર્ણન આવવું જોઈએ.

ભોંય તળીયાના પેટામાં ઓસરી, પરસાળ,

ચોક, ઓરડો, પાણીઆરૂં, છીંડી વગેરેનું વર્ણન આવવું જોઇએ.

માળના વિભાગમાં તેના ઓરડા, પરસાળ વગેરેનું વર્ણન થયા પછી તેના પેટાભાગનું વર્ણન આવવું જોઇએ.

પાઠ. ૨૬ ભેંશનું વર્ણન.

મુખ્ય ભાગ. માથું ને ધડ. સ્વભાવ, ઉપયોગ.

માથાના વિભાગ.	ધડના વિભાગ.	ઉપયોગ.
૧ મોઢું.	૧ વાંસો.	૧ દૂધનો.
૨ નાક.	૨ પેટ.	૨ ચામડાનો
૩ આંખ.	૩ આંચળ.	૩ છાણનો.
૪ કપાળ.	૪ પૂછડું	૪ હાડકાનો.
૫ કાન.	૫ પૂછડાના વાળ.	૫ મૂત્રનો.
૬ શીંગડાં.	૬ પગ.	
૭ વાળ.	૭ પગની ખરી.	

મનોયત્ન ૨૨.

૧ મોઈ દંડા (ગીલ્લી દંડા)ની રમતની અનુક્રમણિકા લખો.

૨ દીવાળીના પર્વની અનુક્રમણિકા લખો.

૩ તમારી વાર્ષિકપરીક્ષાનો હેવાલ લખો.

આ અને એવાં બીજાં મનોયત્નો શિક્ષકોએ બહુ સંભાળથી શીખવવાં, અને પોતે સુધારવાં. એક વર્ણન સુધારતા પહેલાં બીજું વર્ણન કદિ પણ

ચલાવવું નહિ. વળી તેમાં શબ્દની જોડણી, સ્વચ્છતા, વગેરે બાબત પણ સાથે જ સુધારતા જવી.

પાઠ ૨૭ છાપવાની કળા.

છઠ્ઠી ચોપડીમાં આ વિષે પાઠ છે તેની અનુક્રમણિકા લખીએ.

૧ છાપવાની કળા નહોતી ત્યારે પડતી અડચણો.

૨ ચીનમાં લાકડાંનાં બીબાંથી છાપતા.

૩ યુરોપમાં તેનો પ્રવેશ અને સુધારણા.

૪ એમાં પડતી અડચણ કેમ મટી.

૫ અક્ષરની ગોઠવણ.

૬ સ્ટીરીઓ ટાઈપ, ૭ શીળા છાપ.

૮ એથી થતા લાભ—

આવી રીતે પ્રત્યેક વિષયના મુખ્ય ભાગ પાડી પછી તેના પેટા ભાગનું વર્ણન કરવું. એકવાર આપી ગયલી બાબતનું વારે વારે ટાયલું કરવું નહિ.

વિષય કેટલી મર્યાદામાં લખવો છે તેનો પ્રથમ વિચાર કરવો. ભાષામાં ડોળ અને નકામું પાંડિત્ય કરવાની ટેવ પાડવી નહિ. સારા સારા ગ્રંથકારોનાં પુસ્તકો વિચાર પૂર્વક વાંચવાં.

પાઠ ૨૮ ન્યાત જમાડવા વિષે.

કોઇ વખત એવા નિબંધ લખવામાં આવેછે કે પ્રથમ તેની ચર્ચા કરવી, પછી ખુલાસો કરવો અને છેવટ નિર્ણય કરવો પડેછે. આવું હોયછે ત્યારે પ્રથમ તે સંબંધી વાંધા, પછી તેનો ખુલાસો અથવા બેઉ પક્ષની તકરાર અને છેવટ તેનો શો નિર્ણય કર્યો તે ક્રમમાં લખવું જોઇએ. ઉદાહરણ—

ન્યાત જમાડવા વિષે.

લાભ.

૧ મિષ્ટાન ભોજનથી થતી ખુશી.

૨ સ્ત્રીઓનું મહાલવું.

૩ બીજી સ્ત્રીઓને મળવું હળવું.

૪ કરકસરથી પૈસો બચાવવાના લાભ.

ગેરલાભ.

૧ નિર્ધનને આપદા.

૨ દેવાથી થતું નુકસાન.

૩ ઘર ખેતર વેચવાં પડે.

૪ લડાઇ ટંટા થવા.

નિર્ણય.

જેની કને પૂરતો પૈસો હોય તેમણે જ ન્યાત કરવી જોઇએ. ગરીબ કે મધ્યમ સ્થિતિના માણસને ન્યાત વરા કરવાનું બંધન હોવું ન જોઇએ.

પાઠ. ૨૯ છાપવાની કળા વિષે

છાપવાની કળા વિષે ફાયદા, ગેરફાયદા અને તે પરથી નિર્ણય કરવો હોય તો તેના નીચે પ્રમાણે ભાગ પાડી શકાય.

લાભ.

૧ છાપવાની કળાથી કયાં મોટાં કામ થાયછે.
૨ એ કળા નહતી ત્યારે એમાંનું કેટલું કામ થતું.

ગેરલાભ.

૧ લહીઆની રોજી ગઈ.
૨ થોડું શીખેલા ગ્રંથકાર બન્યા.
૩ અનીતિમાન ગ્રંથકારોનાં પુસ્તકો પ્રગટ થયાં.
૪ નિંદા કરનારાં પેપરો નીકળવા માંડયાં.
૫ અનીતિમાન પુસ્તકોનો પ્રચાર.

નિર્ણય.

૧ લહીઆનો ઉદ્યોગ ગયો પણ બીજા ઘણા માણુસને રોજી મળેછે. ૨ લહીઆને બીજા નવા ધંધા મળી શકેછે. ૩ કેળવણીનો પ્રચાર અને વિદ્યાવૃદ્ધિ. ૪ નવી શોધોનું ઉતાવળથી જાહેર થવું. ૫ સુનીતિવાન ધર્મપુસ્તકોનું ફેલાવું. ૬ અનીતિવાન અને નિંદાનાં પુસ્તકોનો અટકાવ કરવાના ઉપાય. ૭

નિંદા કરનારા અને બિભત્સ ગ્રંથકારોને કાયદા પ્રમાણે સજા. ૮ માઠા ગ્રંથોના દોષ પ્રસિદ્ધ કરવાથી તે દોષ પ્રસિદ્ધ કરનારપર થતા હુમલા—

આથી ગેરલાભ કરતાં લાભ ઘણા વધારે છે.—

સમાપ્ત.